*ખાનગી*

***લાંચ રૂશ્વત વિરોધી ખાતું,***
***સક્ષમ અધિકારી દ્વારા પ્રોસીક્યુશનની***
***મંજુરી આપવા બાબત.***

**ગુજરાત સરકાર**

**ગૃહ વિભાગ**

પરિપત્ર ક્રમાંક : લરવ-૩૧૮૫-૩૨૪-હ,
સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૮૫.

***સંદર્ભ*** *:-(૧) ગૃહ વિભાગ, પરિપત્ર નં. એસીબી/૨૫૬૫/૩૯૮૧/હ તા. ૧૮મી નવેમ્બર, ૧૯૬૫*
*(૨) ગૃહ વિભાગ પરિપત્ર નં. લરવ-૩૨૬૮-૭૮-હ-તા. ૧૦મી જાન્યુઆરી, ૧૯૬૮.*
*(૩) ગૃહ વિભાગ પરિપત્ર નં. લરવ-૨૮૮૦-૧૫૬૦-હ તા. ૧૦મી ઓક્ટોબર, ૧૯૮૦.*
*(૪) ગૃહ વિભાગ પરિપત્ર નં. લરવ-૧૦૮૪-૧૩૨-હ, તા. ૨૪મી ફેબ્રુઆરી , ૧૯૮૪*

**પરિપત્ર**

સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે કે, લાંચરૂશ્વત વિરોધી ખાતા તરફથી પ્રોસીક્યુશનની મંજૂરી માટે મળતી દરખાસ્તો ઉપર સક્ષમ અધિકારી, તહોમતદાર સામે પ્રોસીક્યુશનની મંજૂરી આપતો હુકમ કરે છે ત્યારે તેની નકલ તહોમતદાર સહિત લાગતા વળગતા અધિકારીને મોકલે છે. સક્ષમ અધિકારીઓ દ્વારા આપવામાં આવતી આવી મંજૂરીના હુકમોમાં ઘણી વખત કાંઇક ક્ષતિ રહી જતી જોવામાં આવે છે. જે અંગે લાંચ રૂશ્વત વિરોધી ખાતું, જે તે સક્ષમ અધિકારીને પૂર્તતા કરી હુકમ કરવા જણાવે છે. તેમ થયા બાદ લાંચ રુશ્વત વિરોધી બ્યુરો જરૂરી કાયદેસરની કાર્યવાહી કરે છે. પરંતુ તહોમતદારને નવા હુકમોની નકલ અગાઉથી આપી દેવાના કારણે તે હુકમમાં રહેલ ક્ષતિ દુર કરવામાં મુશ્કેલી પડે છે અને તહોમતદાર, આ ખામીઓ પાછળથી દુર કરેલ છે તેવો મુદ્દો કોર્ટમાં ઉભો કરી બચાવ કરે છે. જેથી કેસને નુકશાન થવા સંભવ છે. આવું ન બને તે માટે આથી સચિવાલયના તમામ વિભાગો/ખાતાના વડાઓ/સક્ષમ અધિકારીઓને વિનંતી કરવામાં આવે છે કે, જ્યાં સુધી ફોજદારી કેસમાં પ્રોસીક્યુશનની મંજુરીની ચોકસાઇ લાંચ રૂશ્વત વિરોધી ખાતા દ્વારા ન થઇ જાય ત્યાં સુધી તેની નકલ આરોપીને ઉપલબ્ધ  ન થાય તેની તકેદારી રાખવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**એ. જે. પરમાર**
સેકશન અધિકારી, ગૃહ વિભાગ